(તસવીર : મગનજી વણઝારા)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની મહિલા સમરસ ગ્રામ પંચાયત કાલીપુરા ગામે બનાવાયેલી પંચવટીનું શિક્ષણ રાજયમંત્રી જયસિંહ ચૌહાણના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, સાંસદ નટુજી ઠાકોર, હેમલતાબેન પટેલ, જે.ડી. પટેલ, જેઠાભાઈ પટેલ, દિપસિંહ રાઠોડ, પ્રાંત અધિકારી આશાબેન શાહ, શર્મિષ્ઠાબેન પટેલ, સરપંચો સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

અફિણના જથ્થા સાથે પકડાયેલા આરોપીને સાત વર્ષની કેદ અને એક લાખનો દંડ

મેઘરજ, તા. ૧૨

મોડાસા ગ્રામ્ય પોલીસે વર્ષ ૨૦૦૯માં અફીણના જથ્થા સાથે મધ્યપ્રદેશના એક શખ્સને ઝડપી લીધો હતો અને નાર્કોટીક્સ ડ્રગ્સ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસ મોડાસાની સેસન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને ૧૨ વર્ષની સખત કેદની સજાનો હૂકમ કરી એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ગત તા. ૨૭ એપ્રિલ-૨૦૦૯ના રોજ પોલીસને બાતમી મળી હતી કે મધ્યપ્રદેશથી એક શખ્સ ગુજરાતમાં અફિણનો જથ્થો લઈને આવી રહ્યો છે. જેના પગલે તત્કાલીન પી.એસ.આઈ. એમ.એ. પટેલ અને સ્ટાફે મોડાસા હિંમતનગર હાઈ-વે પર આવેલ રાજેન્દ્રનગર પાસેની એક હોટલ પર વોચ ગોઠવી હતી. આ સમયે એક શખ્સ બેગ લઈને ઉભેલો હતો જે શંકાસ્પદ જણાયો હતો. જેથી પોલીસે તેની તલાસી લેતા તેની બેગમાંથી ૨.૯૨૮ કિલ્લોગ્રામ અફિણનો જથ્થો મળી આવ્યો હતો. તપાસમાં આ શખ્સ મહંમદ યુસુફ મહમંદમનસુર કુરેશી રહે. નિમચ મધ્યપ્રદેશનો હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે આ શખ્સ સામે નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ અંગેનો કેસ મોડાસાના એડિશનલ સેશન્સ જજ એ.એન. જોષીની કોર્ટમાં ચાલી જતા આરોપીને ૧૨ વર્ષની કેદ તથા રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

ધાનેરા ત્રણ રસ્તે ટ્રકની ટક્કરથી ૩ વ્યક્તિઓ ઘાયલ : ૧ નું મોત

ડીસા, તા. ૧૨

રાજસ્થાનથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે બળદ ભરીને પ્રવેશી રહેલા એક ટ્રક ચાલકે થરાદ ખાતે ધાનેરા ત્રણ રસ્તા પાસે બેફામ બની ટ્રેક્ટર, લીમડો, બરફ અને પકોડીની લારીને ટક્કર મારી અફડાતફડી મચાવી મુકી હતી. આ ઘટનામાં રોડ સાઈડમાં ઉભેલા એક નિર્દોષ વ્યક્તિનો ભોગ લેવાયો હતો. આડેધડ ટ્રક ચલાવી ભયનો માહોલ ખડો કરનાર ટ્રક ચાલક વિરૂદ્ધ લોકોમાં ઉગ્ર આક્રોશની લાગણી પેદા થવા પામી હતી. જો કે એકનું મોત અને ત્રણ વ્યક્તિઓને ઘાયલ કરનાર ચાલક પોલીસ આવે તે પહેલા ટ્રક મુકી પલાયન થઈ ગયો હતો.

થરાદના ધાનેરા ત્રણ રસ્તા નજીક આજરોજ બપોરના બે વાગ્યાની આસ-પાસ રાજસ્થાન તરફથી એક ટ્રક નં. જીજેયુ-૩૦૯૭ આવી રહી હતી. તેણે બેફામ રીતે ટ્રક ચલાવી સૌ પ્રથમ એક ટ્રેક્ટરને ટક્કર મારતા ટ્રેક્ટર ફંગોળાઈ ગયું હતું અને ટ્રેક્ટર સવાર વ્યક્તિઓને ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ દલપતભાઈને ટક્કર મારતા તેને ગંભીર ઈજાઓ થવાની કરૂણ મોત નિપજ્યું હતું. બેફામ બનેલા ચાલકે એક લીમડાના ઝાડને તેમજ બરફ અને પકોડીની લારીને પણ ટક્કર મારી હતી. આ ઘટનાથી લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. અને ટ્રકચાલક સામે ઉગ્ર આક્રોશની લાગણી છવાઈ હતી. ગુસ્સે ભરાયેલ ટોળાએ ટ્રકની હવા કાઢી નાખવાનો પ્રયાસ કર્યો હતો જે કે એક એકનો ભોગ અને ત્રણને ઘાયલ કરી ભયનો માહોલ ઉભો કરનાર ટ્રકચાલક સામે લોકોનો રોષ ઓસરતા ટોળુ ટ્રક સળગાવવા મક્કમ બનતા આખરે પોલીસે હળવો લાઠીચાર્જ કરી ટોળાને વિખેર્યું હતું.

આ બાબતે આ શાંતિભાઈ ભીખાભાઈ વાણીયાની ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને ટ્રકમાં ખીચોખીચ ભરેલા ૧૦ જેટલા પશુઓને પાંજરાપોળ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

સરકારી કામકાજમાં દખલગીરી કરવા બદલ ફરીયાદ નોધાઈ

બાયડ, તા. ૧૨

ગઈકાલે રાત્રે બાયડ તાલુકાના ડેમાઈ ગામે વ્યાજબી ભાવની દુકાન માં ચીફ સપ્લાર્યસ દેવેશ પટેલ અને તેમની ટીમે ઓચીંતી તપાસ હાથ ભરી હતી પરંતુ તે દરમ્યાન ડેમાઈ ગામના રહીશ કીર્તીભાઈ ગરીશભાઈ પટેલે આ વ્યાજબી ભાવની દુકાન માં ચીફ સપ્લાર્યસ દેવેશ પટેલઈ અને તેમની ટીમ ની કામગીરી માં દખલ અંદાજી કરી સરકારી કામગીરી માં અવરોધ ઉભો કરી અપશબ્દો બોલી કામગીર માં અવરોભ ઉભો કર્યો હતો જે અંગે બાયડ પોલીસ સ્ટેશને ચીફ સપ્લાર્યસ દેવેશ પટેલ ની ફરીયાદ ના આધારે બાયડ પોલીસે ડેમાઈ ગામના કીર્તીભાઈ ગીરીશભાઈ પટેલ ની વીરૂધ્ધ ફરીયાદ નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી

ફુલબાઈ જોગણી મંદિરે હવનપૂજા યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ તાલુકામાં ચૈત્ર સુદ-પૂનમને શુક્રવારના રોજ ફુલનગર ભાખરીયા બસ સ્ટોપથી અમીનપુર માર્ગ વચ્ચે આવેલ શ્રી ફુલબાઈ જોગણી માતાજી મંદિર ખાતે સતત ચોથા વર્ષે પણ ભારે હર્ષોલ્લાસ પૂર્વક હવનપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો.

ચૈત્ર સુદ પૂનમના દિવસે ભકતોએ માતાજીના મંદિરને ફુલો અને રોશનીથી શણગારી સવારે ૮ કલાકે ભકતો અને સંતોની હાજરીમાં હવનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સાંજે ૪.૩૦ કલાકે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. બાદમાં ભકતોએ મહાઆરતી મહાપ્રસાદ અને રાસ ગરબા જેવા કાર્યક્રમોનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જસવંતસિંહ રાઠોડ પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે કોંગ્રેસ સમિતિએ બાઈક રેલી યોજી

પ્રાંતિજ, તા. ૧૨

ગુજરાતની પ્રવર્તમાન રાજય સરકાર ભાજપ દ્વારા વહીવટમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર સામે પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ તરફથી જન સંપર્ક પરિવર્તન યાત્રા અંતર્ગત બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જનસંપર્ક પરિવર્તન યાત્રાના ભાગરૂપે આયોજીત આ બાઈક રેલી ભાંખરીયા બસ સ્ટેન્ડ બજાર ચોક, હનુમાન ચોક, નાની ભાગોળ સહિત અનેક વિસ્તારોમાં ફરી હતી.

બાયડમાં તસકરોનો દબદબો પુનઃ મોબાઈલની દુકાન તૂટી

બાયડ પોલીસને પડકાર ફેકતી તસકર ટોળકી

બાયડ તા.૧૨

બાયડ શહેર માં જાણે તસ્કરો ને પોલીસ ની કોઈ બીક જ ના રહી હોય તેવુ દેખાઈ રહયુ છે દિવસે ને દિવસે બાયડ શહેર માં તસ્કરી ના બનાવો માં ઘટાડો થવા ને બદલે બાયડ શહેર માં તસ્કરી ના બનાવો માં વધારો થતો જાય છે તો બીજી બાજુ બાયડ શહરે સલામત હોવાની ગુલાંગો પોકારતા બાયડ પી.એસ.આઈ બાયડ શહેર માં થતી તસ્કીર રોકવામાં નીષ્ફળ નીવડયા છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહયુ છે હાલ માંજ ટુંકા સમય ગાડા માં બાયડ શહેર માં હાઈવે ઉપર આવેલી ૧૦ જેટલી દુકાનો માં તસ્કરી થવા પામી છે જેમાં મોટાભાગે તસ્કરો એ મોબાઈલ ની દુકાન ને નિશાન બનાવવામાં આવી રહી છે આ ઉપરથી તો એવુ લાગી રહયુ છે કે આ તસ્કર ટોળકી મોબાઈલ પ્રીય હોવાનુ અનુમાન લગાવી રહયા છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર બાયડ શહેર માં માર્કેટયાર્ડ ના સામે ના ભાગમાં આવેલ નક્ષત્ર મોબાઈલ માં દિવાલ માં બાકોરૂ પાડી ચોરી કરવામાં આવી હતી હજુ તેની શાહી સુકાઈ નથી ત્યાં તો માર્ટયાર્ડ ના મેડા ઉપર આવેલી અંબીકા મોબાઈલ નામની દુકાના ને તસ્કરો એ નિશાન બનાવતા સનસનાટી મચી ગઈ છે ત્યારે દિનપ્રતીદિન બાયડ શહરે માં થતી તસ્કરી ને લઈ ને બાયડ શહેર માં ધંધો રોજગાર કરતાં વહેપારીઓ પોતાના ધંધા રોજગારની અસલામતી ને લઈ ને ચિંતામાં મુકાઈ ગયા છે ત્યારે સુત્રો તરફ થી જાણવા મળ્યા મુજબ બાયડ શહેર ના વહેપારીઓ એક બે દિવસ માં બાયડ શહેર માં થતી ચોરી ઓ ને લઈ ને જીલ્લા પોલીસ વડા ને આવેદન પત્ર આપવાનુ જણાવી રહયા છે ત્યારે તસ્કરો એ હાઈવે ઉપર પેટ્રલ પંપ ની સામે ના મેડા ઉપર મેઈન બજાર માં આવેલ અંબિકા મોબાઈલ નામની દુકાનનુ સટર ઉપર લગાવેલ તાડા તોડી મોબાઈલ ની ચોરી કરવામાં સફળ રહયા હતા જયારે તસ્કરો તોડેલ તાડા પણ લઈ ગયા હતા જયારે આ ચોરાયેલા તમામ મોબાઈલ ચાઈના કંપનીના મોબાઈલ હોવાને કારણે વહેપારી જોડે બીલ ના હોવાને કારણે વહેપારી દ્વારા પોલીસ ફરીયાદ નોધાવામાં નથી આવી પરંતુ હાલ તો દુકાનદાર ની દશા ચોરી ના કારણે જાયે..... તો .....જાયે..... કહા તેવી થઈ ગઈ છે.

ગુજરાત અનુસૂચિત જાતિના વિકાસ માટે સામાજિક સમરસતાને વરેલું છે : મુખ્યમંત્રી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ ડો. પી. એલ. પૂનિયાના નેતૃત્વમાં ગુજરાત આવેલા પ્રતિનિધિમંડળે ગુજરાતમાં અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે રાજય સરકારના પ્રગતિશીલ અભિગમને આવકારીને ફળદાયી પરામર્શ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં અનુસૂચિત જાતિના સર્વાંગીણ વિકાસવ્યૂહમાં સામાજિક સમરસતા સાથે, સૌને ગુજરાતના વિકાસની મુખ્ય ધારામાં ભાગીદાર બનવાની તકો મળે તે માટેના કોઈપણ ઉત્તમ પ્રયાસોને અપનાવવાની તત્પરતા વ્યકત કરી હતી. બદલાતા યુગમાં સામાજિક અને આર્થિક પ્રગતિના પ્રવાહમાં સંમિલિત કરવા નવા મૌલિક અભિગમ અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટે અપનાવવાની જરૂર છે.

સામાજિક ન્યાય-અધિકારિતા મંત્રીશ્રી ફકિરભાઈ વાઘેલા, મુખ્ય સચિવશ્રી એ. કે. જોતિ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન અને વિભાગના અગ્ર સચિવશ્રી સંજયપ્રસાદ પણ ઉપસ્થિત હતા. ડો. પૂનિયાએ ગુજરાત સરકારે અનુસૂચિત જાતિઓમાં શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા ૨૨ જેટલી યોજનાઓના ખૂબ જ સારા પરિણામો આવ્યા છે. શહેરી વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ માટેના છાત્રાલયોની પ્રગતિથી પણ ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં શિક્ષણને વેગ આવ્યો છે.

ઈલોલના ૭ વર્ષના બાળકનું ઝેરી સાપ કરડવાથી મૃત્યુ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ઈલોલ મુકામે એક સાત વર્ષના બાળક ને ઝેરી સાપ કરડી જતા બાળકનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. જેથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના ઈલોલ મુકામે ગત રોજ સવારે સાત વાગ્યાના અરસામાં સાત વર્ષીય રાહુલ દલપતભાઈ તબીયાર પોતાના ઘરના પાછળના વિસ્તારમાં રમી રહ્યો હતો ત્યારે અચાનક જ બાળકને ઝેરી સાપ કરડી ગયો હતો. આ સાપ કરડવાની ઘટના અંગે પરિવારજનોને જાણ થતા તેઓ બાળકને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા જયાં સારવાર દરમિયાન રાહુલનું કરૂણ મોત નિપજયું હતું.

ખેડબ્રહ્મા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં આજે ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. તાલુકા કક્ષાના આ ગરીબ કલ્યાણ મેળામાં ખેડબ્રહ્મા તાલુકાના ૭૫૬૨ ઉપરાંત લાભાર્થીઓને રૂ. ૯૪૮.૪૭ લાખના લાભોનું એક જ સ્થળેથી વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીની સીડીનું પ્રસારણ, સાંસ્કૃતિક કાર્યક્રમો વિશિષ્ટ મહાનુભાવોનું સન્માન જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મંત્રી રમણલાલ વોરા, અધિકારીઓ, મહાનુભાવો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર હતા.

જાહેર નિવિદા

કચેરીમાં વગર ભાડાની ફોટો કોપીયર મશીન ઓપરેટર અને સ્પાઈરલ બાઈન્ડીંગની સેવા પુરી પાડવા અંગે

ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧-૨-૮/૭ ગાંધીનગર ખાતેની ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરીમાં "કચેરી સુવિધા માટે વગર ભાડાથી ફોટો કોપીયર મશીન ઓપરેટર અને એ-૪ સાઈઝની કાગળો સાથે તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની સેવા" પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકમાં ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક વચ્ચે તા. ૧૮-૪-૨૦૧૨ સુધીમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી ખાતે અરજી સાથે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના નામનો રૂ. ૫૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહિ ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

સ્થળ : ગાંધીનગર — નાયબ નિયામક(વ)
તારીખ : — ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ
માહિતી/૬૮/૧૨-૧૩ — ગાંધીનગર

પશ્ચિમ રેલવે

રેલવે રીક્રુટમેન્ટ સેલ

વેસ્ટર્ન રેલવે પાર્સલ ડેપો, અલીભાઈ પ્રેમજી માર્ગ, ગ્રાન્ટ રોડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૦૩

વેબસાઈટ : www.rrc-wr.com

તમામ લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, RRC/W. Rly એ તેની એમ્પ્લોયમેન્ટ નોટીસ નં. ૨/૨૦૧૦ (વેસ્ટર્ન રેલવે પૂર્વે ગ્રુપ "ડી" પે બેન્ડ-૧, ગ્રેડ પે - રૂ. ૧,૮૦૦) તા. ૧૬-૧૨-૧૨૦૧૦ સંદર્ભે લેખિત પરીક્ષાનું આયોજન નીચે જણાવેલ સમયપત્રક અનુસાર કર્યું છે.

લેખિત પરીક્ષાનું સમયપત્રક પૂર્વે ગ્રુપ "ડી"ની નિમણુંક માટે

અનુ. નં.	અંગ્રેજી મૂળાક્ષરથી શરૂ થતા ઉમેદવારો	પરીક્ષાની તારીખ	ડુપ્લીકેટ કોલ લેટર અંગે જરૂરી સુચનાઓ
૧	S	૬-૫-૨૦૧૨	રેલવે રીક્રુટમેન્ટ સેલની વેબસાઈટ પરથી પરીક્ષાના સાત દિવસ અગાઉ ડુપ્લીકેટ કોલલેટર ડાઉનલોડ કરી શકાશે.
૨	J, R	૧૩-૫-૨૦૧૨	
૩	V, Q, M	૨૭-૫-૨૦૧૨	
૪	C, B, A	૩-૬-૨૦૧૨	
૫	F, E, D, T, H, I, K, L	૧૦-૬-૨૦૧૨	
૬	O, P, N, G, U, W, X, Y, Z	૨૪-૬-૨૦૧૨	

પરીક્ષાનો અંદાજિત સમય : ૧૦.૩૦ - ૧૨.૩૦

ઉમેદવારો પોતાની અરજીની સ્થિતિની જાણકારી પણ ઉપરોક્ત વેબસાઈટ પરથી મેળવી શકશે. પાત્ર ઉમેદવારોને કોલલેટર મોકલી અપાયા છે.

(**નોંધ :** કોલલેટર મોકલી અપાયા છે / મોકલવામાં આવી રહ્યા છે. પરીક્ષાના સમયપત્રક અનુસાર માત્ર બીઝનેસ પોસ્ટના સ્વરૂપે RRC-WR કોલ લેટર ન મળવો, પોસ્ટ મોડી મળવી કે ખોટી ડીલેવરી માટે જવાબદાર નથી)

અયોગ્ય ઉમેદવારોને અલગ પત્ર મોકલી તેમની અરજીનો કયા કારણોસર અસ્વીકાર થયો છે તેની જાણ કરવામાં આવી રહી છે. આ જાણકારી રેલવે રીક્રુટમેન્ટ સેલની વેબસાઈટ www.rrc-wr.com પર પણ ઉપલબધ છે.

(**નોંધ :** RRC-WR નો નિર્ણય આખરી ગણાશે અને આ સંદર્ભે કોઈ પત્રવ્યવહાર કરવો નહીં અને ઉમેદવારો ડુપ્લીકેટ કોલ લેટર બાબતે કે તેમની યોગ્યતા અંગે કોઈ પત્રવ્યવહાર કરી શકશે નહીં.)

ખાસ : રેલવે રીક્રુટમેન્ટ સેલ, વેસ્ટર્ન રેલવે દ્વારા તેના બદલે કામગીરી કરવા કોઈ એજન્ટ કે એજન્સીની નિમણુંક કરી નથી. જો આવો દાવો કોઈ વ્યક્તિ /સંસ્થા કરતી હોય તો ઉમેદવારો તેનાથી ચેતે. OMR જવાબવહીનો ઉપયોગ લેખિત પરીક્ષામાં કરાશે અને તેની ચકાસણી કોમ્પ્યુટર દ્વારા થશે. ઉમેદવારોની પસંદગી માત્ર મેરીટના આધારે જ થશે. ખોટી કામગીરી કરનાર તત્વોથી ચેતો અને તેમની જાળમાં ફસાઓ નહીં.

Sai-WR-02

ગંદકી કરશો નહીં, કચરો માત્ર કચરા પેટીમાં જ નાંખો

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES — APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા થી ચાલુ રહે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD — Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ૨-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com ● gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૩૪૩
અહેમદઉલ્લા શેખ	મોડાસા	૯૯૧૩૫૮૭૧૪૫
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૩૬૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૮૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૧૫૭૫
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬